श्री अंबिका प्रसन्नोस्तु.

શ્રી અંબિકા સ્તુતિ

અને

આરાસુરનું વર્ણન.

રચનાર.

મણિશંકર માણશંકર મહેતા.

મુકામ થરા. પાટણ થકને.

તે છપાવી પ્રસિદ્ધ કરનાર

આજમ રતનસી મુળચંદભાઈ પટેલ

મુકામ ગઢા—જામપુર.

આવૃત્તિ ૧ લી   નકલ ૧૦૦૦   સને ૧૯૧૩

અમદાવાદ—પીરમશાના રોજા પાસે શ્રી સત્ય સાગર પ્રીન્ટીંગ
પ્રેસમાં પટેલ પોચાભાઈ ચતુભાઈએ છાપી.

કીંમત ૦-૪-૦ ચાર આના પોસ્ટેજ જુદું.

श्री अंबिके … नास्तु.

શ્રી અંબિકા સ્તુતિ

અને

આરાસુરનું વર્ણન.

રચી છપાવનાર

મણિશંકર પ્રાણશંકર મહેતા.

વા. શ્રી જસુભાઇ જાગીર તરફથી.

કુમરા સરકલ. તલાટી—થરા.

પ્રસિદ્ધ કરનાર.

આજમ. રતનસી મુળચંદભાઇ પટેલ.

ગોટા-જામપુર.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦ સને ૧૯૧૩

અમદાવાદ—પીરમશાના રોજા પાસે શ્રી સત્ય સાગર પ્રીંટીંગ પ્રેસમા પટેલ પેચભાઇ ચકુભાઇએ છાપી

કીંમત ૦-૪-૦ ચાર આના પોષ્ટેજ જુદું.

પ્રસ્તાવના.

આવા લઘુ પુસ્તકના માટે પ્રસ્તાવનાની જરૂર નથી તો પણ મારી કર્તાની ફરજ દાખલ બે બોલ લખવા ધાર્યુ —

અજ કાલના શોખીન લોકો નાટકના ગાયનો ગાવામા લીન થયેલા જોવામાં આવે છે, અને ઘણાક ઠકાણે નાટકના ગાયનો વિવેહ ગવાતાં સાંભળવામા આવે છે તે ઉપરથી એમ સ્પષ્ટ જણાય છે કે ગાયન એચીજ તમામને અતી પ્રીય લાગે છે, અને વાસ્તવીક રીતે પણ તે ખરૂં છે એમ મારા સમજ થવાથી મારા મનમાં ઘણા લાંબા વખતથી એક પુસ્તક તૈયાર કરવા વીચાર થયેલો તે ઉપરથી જન સમાજની શેવામા આ ' **श्री अंबिका स्तुति अने आरा सुरनुं वर्णन** " એ નામનું પુસ્તક તૈયાર કરી, બહાર પાડવા ભાગ્યશાળી થયો છું જેમા હાલના સમયને અનુસરી, નાટકના રાગો મુકી, શ્રી અબિકા માની સ્તુતિ કરેલી છે અને ગરબાના રૂપમા આરાસુરનું તમામ વર્ણન કરેલું છે જેથી તે આરાસુરના ભોમીયા રૂપ થઇ પડશે

નાટકના ગાયનો ગાવાથી ફક્ત શોખીન જનોનો શોખ પુરો થાયછે, પરતુ દેહનું કલ્યાણ થતુ નથી તેથી મારા શોખીન મીત્રોને ભક્તિ માર્ગે દોરવાની ખાતર ખાસ શ્રમ લઇ ગાયનના રૂપમાં પુસ્તક તૈયાર કર્યું છે તો તે ગાવાથી શોખ પુરો થતાની સાથે આપણી જે જગત જનેતા શ્રી અબીકા માના નામનું સ્મરણ થવાથી આ કળીયુગ

ના વીષે, મુક્તિ મેળવવાનું પ્રથમ સાધન છે એમ સમજી ખંતથી વાંચશો તો મારો લાધેના શ્રમ ફળી ભુત થયો સમજીસ–

પ્રીય વાંચક વર્ગ ! હું વિદ્વાન નથી, તેમ કવિ પણ નથી પરંતુ મારી અલ્પ મતીનું મારે માતાજીના ગુણોનું વર્ણન કરેલું છે, તો તેમાં કંઇ ભુલ ચુક આપના દ્રષ્ટિ ગોચર થાય તો ક્ષમા કરશો એવી મારી નમ્ર અરજ છે

આ પુસ્તક બાહાર પાડવા ઘણી વખત પ્રયાસ કરેલો પરંતુ દૈવ યોગે કેટલીક અનીવાય અડચણો આવી પડવાથી, બાહાર પાડી શકયો નહિ હાલમા આ જગોએ આવ્યા બાદ મોટા જામપુરના આજમ રતનશી મુળચંદ ભાઇ પટેલ દેવીના પુર્ણ ભક્ત અને સદગૃહસ્થની ટુંક મુદતથી મુલાકાત થતા તેઓએ આ પુસ્તક જેમ બને તેમ વેળાસર બાહાર પાડવા ઉત્તેજન આપવાની સાથે તેઓએ જે અમુલ્ય મદદ આપી છે તે સ્વીકારી તેમનો ખરા અતઃકરણથી આભાર માની પ્રસિદ્ધ કરનાર તરીકે તેઓનું નામ અમર કર્યું છે.

આ નરવીર દેવી ભક્ત હોવાની સાથે ધાર્મિક કામો તરફ પણ પુર્ણ મદદ કર્તા છે જેઓ મહાલનાજ થર ગામમા ડીસ્પેન્સરી ખોલવાના કામે ત્રણ હજાર રૂપીયા આપ્યા છે અને તા ૧૦–૨-૧૯૧૭ ના રોજ તેનું મહુરત પાલન પુરના ખુ૦ વ૦ મે૦ પોલીટીકલ એજન્ટ શા. બાહાદુર નાસ્વહસ્તે થયેલું તે વખતે ડીસ્પેન્સરીનું નામ "રતનશી ડીસ્પેન્સરી" રાખવામા આવતા તેમને સાહેબ બાહાદુરે આજમ નો ઇલકાબ આપ્યો છે.

આ કામે વા. શ્રી જસુભાઇ જાગીરના તાલુકદાર સાહેબો તર

/

કૃથી મને સારી મદદ મળીછે તેથી તેઓ સાહેબોનો ખરા અ ન્ત કરણ પુર્વક આભાર માનુ છુ કારકુન ધરમચંદ કેશવજી શાહે, અત્રે આ હકીકતથી કરેલા તેમનો તથા કડીમા મારા સ્નેહીઓએ જે શ્રમ લીધો છે તેમનો પણ આભારી છું

થરા જીલ્લે કાકરેજ) લી આભારી-
 { માણીશંકર પ્રાણશંકર મહેતા
તા ૧-૪-૧૯૧૭) કર્તા



અર્પણ પત્રિકા.

(હરિગીત છંદ)

હે આદ્ય શક્તિ અંબિકા, પ્રણમુ તને પ્રીતે ખરી,
મહિષા સુરાદી દૈત્યો મારી, દેવની રક્ષા કરી,
અગણિત એવાં કામ તારાં, પ્રેમથી હૃદયે ધરૂ
હે માત તારા ચરણમાં, લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં—(૧)
તેં ભક્ત સહાય કરી ખરી, વિમળ શાહ ઉગારીયો,
સમુદ્રે નાવ સહીત બુડતાં, ઝડપથી જઈ તારીયો
ભવ ભય-વિદારણ, ભક્ત તારણ, માત મુર્તિ મન ધરૂ,
હે માત તારા ચરણમાં, લઘુ ગ્રંથ આ અર્પણ કરૂં—(૨)
પડી પાય માગું એટલું, દુખદ્વંદ સઘળાં કાપીને
કુબુદ્ધિ હાર્દી દુર કરો, શુબુદ્ધિ વૃક્ષ સ્થાપીને,
[મણીશંકરની] અલ્પ અરજી, ઉરમાં ઉતારશો,
લઘુ ગ્રંથ આ દ્વિહસ્તથી, અર્પણ કરૂં તે સ્વીકારશો,—(૩)

લી. દાસાનુદાસ. સેવક.

મણીશંકર પ્રાણશંકર. મહેતા.



श्री अंबिका विजयते.

શ્રી અંબિકા સ્તુતિ

અને

આરાસુરનું વર્ણન.



દોહરો.

લંબોદર લાયક નમુ, વિઘ્ન હરણ વિઘ્નેશ
સંકટ ટાળે સમરતાં, ગણેશ તું પરમેશ.
ગ્રથા રભે ગુણ ગણું, ગવરી પુત્ર ગણેસ
અંગે શીંદુર શોભતું, ગણેસતું પરમેશ.

૮

(નહુ પદે ગાંજ પ્રીતને)—એ રાગ

વંદન કરૂં શ્રી આરાસુરીને
ભય દુખ ભંજન લીતાભારી, આપો બુદ્ધિ સારી,
દીલધારી, પ્રેમવડે કરૂં સ્તુતી તારીને. વંદન
સફળ કરો આરંગ, ગુણગાવા ઉમંગ, મટી ટરે દુઃખ ભંગ,
સહાય આપો આસંગ,
તુજ દર્શન કરવા (શંકર) મન થાય અતી ઉમંગ-દીલધારી વંદન

૯

(સર્વે મળીને આજ બાગમા આનંદ કરીયે)—એ રાગ

સરવે મળીને આજ પ્રેમથી પુજન તો કરીયે
અબીલ ગુલાલને ચુવાચંદનથી, અભિષેક પુજીયે—સર્વે
કુમ કુમ કેસર કરમા લઈને અર્ચાઓ કરીયે—સરવે
જાઇ જુઇને ચંપાકેરા, હાર કંઠે ધરાવે સર્વે
ચમેલી કેતકીના પુષ્પે, માને વધાવી લઇયે.—
અગર બત્તીને કપુર વડે, આરતી તો કરીયે—સરવે.
દાડમ નારંગી જમરૂખ કેળાં, નૈવેદ તો ધરીયે—સર્વે
પ્રેમ ધરીને પુજન કરીએ, ત્રિવિધી તાપ હરીયે.
દ્વિકર જોડી (શંકર) કહે છે, ચરણે શીર ધરીયે—સર્વે

૬

(ગરબો)

(આર્ય ભગીનીઓને માટે)

(પુનમ ચાંદની—એ રાગ)

ચાલો બેનો આજે, અંબીકાજી પુજીએરે.
અતો આનંદેથી સર્વ મળી સંગાથ,
માતુ અંબીકાની છબી ચીત ધારીયેરે   ચાલો૦

સાખી.

પુજન માત તણું કરો, ભરી પુષ્પનો થાળ
આશીશ એવી માગવા, રક્ષા કરી દુખ ટાળ
સખી સાથ મળી સર્વે થઇ રળીયાતનેરે,
ધરો નૈવેદ માતુશ્રીની પાસ—માતુ

સાખી.

મંડપમાં સંપ મળી, રમવા માંડો રાસ,
જેથી વિઘ્નો દુર ટળી, થાયે સુખમાં વાસ,
ગોળ આ કૃતિમાં ફરો સરવે સાથમાંરે,
તળ ઘુઘરાની ઘુમ ઘુમ થાય——માતુ

સાખી.

મુર્તિ માત તણીખરે, શોભે શશી સમ આજ,
વસ્ત્ર ભુષણ ઓપતાં, સારો સર્વ કાજ,

વદે (નરપત) આજ (શંકર) સાથ અહીં મળીરે,
શુભ આશથી રચ્યુ ગીત રસાળ - માતુ૦ ચાલો બેનો આજે

૪

(એ............... માથે મટુકી લેઇ જાઉં)—એ રાગ
એ........અંબિકા પુજવાને જાઉં,
પ્રેમથી પુજીને મન હરખાઉં – એ... . અંબિકા૦
પુજા કરીશે માના ભાવે, દર્શનકાજે સૌજન આવે,
પાવડી પ્રીતેથી સહાઉં —એ અંબિકા૦

૫

(કપટ હે પતિ કેમ આ કર્યું)—એ રાગ
આદ્ય શક્તિ તુ માત માહરી, કરજોડી કરૂં સેવા તાહરી
દાસ તાહરો કરજોડી નમે લાજ રાખશો, માત આસમે
ચંડાસુરને, મહિશાસુરરે નેહતા વળી ઘણા કૃરરે,
તેવા દૈત્યોના પ્રાણનો હર્યા, અનેક દૈત્યોના ગવ તો ટળ્યા
એવા માત છો તને કૃપાળું ભક્ત ઉપરે દાન દયાળુ
ભક્ત ઉપર પ્રીત ઘણીરે આપદામો છો દાનમણીરે
આદ્ય શક્તિ છો, માતરે, તમે સેવક તાહરો કરજોડી નમે
તારા કામનો પારરે નથી, વર્ણુંવ મુખથી શુ કહું કથી
લાજ રાખશો, મારી સારરે, દાસ નમે છે, વારંવારરે
ભુલ ચુકની માફી પાળજો સેવકની તમે ચીંતા ટાળજો.
દીન (શંકર) ને આશરો તારો અંબેમા હવે પાર ઉતારો

૬

(વિદેશ વાટ જાઉં હું આવાર ક્ષુમલી,) એ રાગ

અંબિકા દેવીનું મૈયા, મનમાં લાવો પ્યાર,
દુ.ખ હરીને શુભકર, માજી તું આવાર—અંબિકા
ચંડ શુર મારાને દૈત્યોને કર્યા ઠાર
એવા ભકતાધાન છો માજી ઉતારો પાર—અંબિકા
પગે નેપુર શોભતા વીંજુવાનો ઝણકાર.
હાથે બાજુ બંધ શોભે કંઠે મોતીહાર અંબિકા
તારી અકળીત લીલા શોભાનો નહી પાર
મમાયા તું મહેર કરીને આપ સુખ આધાર—અંબિકા
માજી તારા ધામમા અમૃતની વૃષ્ટિ
દીન (શંકર) ઉપરે, જુવો કૃપા દ્રષ્ટિ—અંબિકા

૭

[હું ભજન કરીશ હરીનું—] એ રાગ. -

હું સ્તવન કરીશ દેવીનું, ધરી પ્રેમે,
આ અવસર આનંદીત લાગે, વારે વાહ બલીહારી તારી-સ્તવન•
આરાસુરે મા મુર્તિ ન્યાળી, ખુશી ખુશી થાઉ હુ,
દીન રેન રાખી હ્રદયમાં, અંબા ગુણ તુજ ગાઉ હું,
છોડું નહી તુજ નામને, કર પ્રેમથી ઝાલી લીયો,
આધાર આ સંસારમાં, તુજ શરણુ [શંકર] નેલીઓ, હું સ્તવન

૮

[મહેતાજી શું મહી મુજ બતાવું –] એ રાગ.

અંબીકારે અરજ સાંભળો મારી, વારંવાર નમુ દીલધારી,
આદ શક્તિરે બહુદીન સેવા કરી, આપ પ્રસન થાઓ આ વારી
(ઝુલ)—આપ દયાળુ દાસો સાક્ષાતરે, તમે મહેર કરો મુજ માતરે,
તુજ દરસ ગટે દીન રાતરે, ગજનનીરે, વાત મને લ્યો સ્વીકારો
વારંવાર નમુ દીલધારી,
મુજ માતારે, વિનતી ઉરે સ્વીકારો, આ અરજ ઉરમાં ઉતારો,
દયાળી દેવીરે, વારંવાર કહું કરજોડી, દર્શને આવુ મા દોડી
(ઝુલ) દીન જાણી મ્હેર કર મારેરે, માજી મને તે પાર ઉતારેરે,
આરાસુરે વાસ તમારેરે, દીનમણીરે, શોભાછે અતીભારી,—વારંવાર
ચંડાસુર માર્યો કાંધા ચકચુર, તે હતો ઘણો વળી કુર
દેવી સાક્ષાતીરે, નમુ બે જોડીપાણી, શું બેઠાં મનમાં જાણી,
(ઝુલ) દેવિ દયાને મનમા લાવોરે, વાણીનો અમૃત રસ પાઓરે,
આરાસુરી માત કહાવો રે, જગત દેવીરે, અરજ મનમાં સ્વીકારી-વારંવાર
દીન દયાળીરે, આપ મનમા વિચારો, હું સદા સેવુછુ પારો,
અંબીકા માતરે, શુ કહું મુખથી ભારી, દીન (શંકરે) વિનતી ઉચારી,
(ઝુલ)—સાક્ષાતી ઉરમા વિચારોરે, માજી ભવસાગરથી તારોરે,
આ અલ્પ અરજ ઉર ધારોરે, ચંદ્ર દર્શનીરે, દિકર જોડી કહુછુ,
(પાટણ નિવાસ) કહુછું—

૯

[આ તારાં વચનો સારાં--] એ રાગ--

મા તારા મુખડા કેરા. દરસન કરતા,
દુખ દુર ગયું સહુ મારૂરે, આજે—મા તારા,
જગની મોહ માયાથી, લીધો બચાવીજી,
ખરો દવી જગને અમા ધારૂરે આજે - મા તારા
મહીશાસુર મારીને, દેવ ઉગાર્યાજી,
(શંકર) ઇચ્છેછે રાગ તારૂરે આજે—મા તારા

૧૦

(વિરા વેરયાના ચારી, -] એ રાગ-

અમે વિનતી અમારી, મનમાં ધારો સેવકને સભાળ
કરો સહાય આ વારી, શર્ણું તમારો, દુખનીવારી,—સેવકને સભાળ
શાર્દુલ વાહની દુખ સર્વેના, પ્રાણી થકી કરે દુર,
દુર્ગા વામીમા અમે અમારો, વીનતી સ્વીકારો તેરે
થાઓ શર્ણ અમારી, પુત્ર વીચારી, દુખનીવારી,—સેવકને સભાળી
આ દુનિઆમા આશરો તારો, કૃપા કરો મમાય
અધીક માયાનું હેત કરીને, સેવકને થાજો સહાયરે.
શોભે મુખડું ભારી મોહનગારી, દુઃખનીવારી—સેવકને સભાળ
અશ્વીન માસે સર્વે મળીમા, ગુણ તમારા ગાય
માતુ તણો સુત સેવક આજે, [શંકર] લાગે પાયરે,
તુજ પર બલીહારી, માતુ મારી દુખનીવારી,—સેવકને સભાળી

૧૧

(મને પુછે છે કાન માડી હાડીરે,—) એ રાગ.

મારી વારે આવોને માડી હાડારે, ઉઠો આરાસુરી માડી,
અશુર લોકે કુવજ કીધા, દેવાને મહા દુઃખકારી,
ત્રાહ ત્રાહ પોકાર કરતા, આવ્યા મહેલ્યો ઉગારી, વિનંની સ્વીકારી
કરો ધે અસ્વારા, ત્રિશુળક પરી, કે મુખડુ રસળુ,
મન વશ કરનાર, હુ કેમ વિસારૂ, હરઘડી સભારી,
અમીનું, છોગળુ લાગે પ્યારૂ,—મારી વારે૦
અસુર સામે આવીને માયે, કામજ એવા કાધા,
મહિશા સુરનુ મર્દન કરીને, દવાના દુખ હરી લીધા,
કે સુખીયાં પધા, કારજ સર્વ સાધા
—કે સુખડુ રસાળુ—૦ મારી વારે૦
સર્વ દેવોના દુ,ખ ગયા ત્યારે, પુષ્પની વૃષ્ટિ થઇ ભારી,
મડપ મધ્યે આરી માયે કરી, ગરબે રમવાની તૈયારી
એ મડપ ભારી, શોભા એના સારી, કે કામ મીના કારી,
—કે મુખડુ રસાળુ—મારી વારે
ગરબે રમવાને મડપ મધ્ય, આવ્યા છે બહુચર બાળી
સરખા સાહેલીઓ ભેગી મળીને, પાવાગઢથી માહા કાળી
કે હર્ષે લે તાળી, બહુચર બાળી અને માહા કાળી,
એનતમે ભાળી કે મખડુ રસાળુ. મન વસ કરનાર,
હું કેમ વીસારૂ હરઘડી સભારૂ,
અમીનુ છે ખાળું લાગે પ્યારૂ—મારી વારે૦

૧૨

(થયાછોરે પતી તેજ પ્યારી તનના—) એરાગ

આવ્યો છુ રે માડી તારે શરણે, સહાય કરો મુજમાત
દીન દયાળી માતુ મારી સેવુ સદાદીનરાત
અંબીકાતું, સહુ ચાહાતુ, દેવા માતુ, ઉરધતુ,
દીન બન્ધુ મા તુ તો દયાળી આપે છો વિખ્યાત—આવ્યો છુરે
આદ્ય શકિત માતુ માગ્યે દાગો છો સાક્ષાત,
મા તમારા, શોભા સારા, ગુણ ભારી, શુખકારી
બ્રહ્માણી મેયા સેવક તારો જપે છે દીનરાત—આવ્યો છુરે.
ભકતાને ઉગારી લીધા સંભિળતામા સાદ
સેવુ પારો, ભવતારો મા તમરે, ધામસારો,
ઉદ્ધાર કરો દેવો દાસ રટે છે વારવાર જગનાત—આવ્યોછુરે
તારા કામનો પાર જ નથી સમરૂ સદા સુખ સાત
લીલાત રો, જાવારા, આપે ભારી ભકિત પ્યરો,
સુખદાઇ અબા સદાત દેવી જુગમા છો પ્રખ્યાત
વારંવાર નમન કરે છે, દાસ નમે વારવાર
નામતારૂ લાગે પ્યારૂ ન વિસારૂ ઉરધારૂ
આશ પુરજો દીન (નાકરની) માત તને વિખ્યાત— આવ્યોછુરે

૧૩

(મનહર શોભા બાગની—)એરાગ

શુંદીર, શોભા શીવની
માતની, વાધની;

શોભે અંગે આજ ..   હાર જુઇ જાઇ—શુદીર
વિધ વિધ માથે પહેર્યા શણગાર સાર,
દર્શન માત્ર મન પ્રફુલ્લાય,
(શંકર) ચરણે લાગે પાય —શુદીર

૧૪

(ગણુજી પ્રમાણ (૨])—એ રાગ

પ્રેમથી પ્રમાણ પ્રેમથી પ્રમાણ (૨)
આ હા હા હા હા હા, શોભા કેવી વાહ વાહ
અંગે બીરાજે ત્યાં—પ્રેમથી પ્રમાણ
આરતુંગી હું બલીહારી (શંકર) એક શરણે ઓધારી
આ હા હા હા હા હા (૨)

૧૫

[સાંભળો સાહેબ અજબ તડકાઠ—•] એ રાગ—
આધ શક્તિ અંબિકા દેવી, સહાય કરો મુને આ વાર.
ઝટ પટ કરતા માજી આવો, દર્શન કરવા છુ તૈયાર
છડીગ, છ મ, વાગે છે, ઉપર માજી બીરાજતાં
ધમ, ધમ, ધમ ધમ ઘુઘર બાજે, આગળ વાજા વાગતાં.
અરરરરરરરર માજી ચઢ્યાં, બાલાસુરમાં ફરવાને
ફરવાનુ સૌ કારણ જાણો, ભક્તોનાં દુઃખ હરવાને
એક હાથમાં શક્તિ શોભે, બીજે હાથ ત્રીશુળ ઝાલ્યું

ત્રીજા કરમા ઢાલ ગ્રહીને, દૈત્યોનું મુળીજ ટાળ્યું,
ચોથા કરમાં કટાર લઇને, સંકટ સૌના તમે હરતાં,
આપની સખીઓની સંગાથે, ડુંગર પર માજી રમતાં,
આવી વિનંતી કરે ઉતારી, બાળકોનો તમે જય ભાખો,
દીનગાકર કરગરીને કહે છે, આપના આશ્રયમાં રાખો,

૧૬

[મારા તનમાં મનમાં ભર્યો છે —) એ રાગ.

મારા તનમાં, મનમાં, વસીછે હસીછે, કદી નહીં વીસારં. (૨)
વળી નીહાળ્યું મે ફરતાં ફરતાં. (૨) અંબર ધામ રુપાળું —મારા તનમાં
સેવક જાણી મા કરજો આદર, આરાસુરી અંબે માય.
કેદી ફરી માનું મુખડું નિહાળુ, (૨) સાક્ષાત દેવી દયાળું —મારા તનમાં

૧૭

(કહોજી આપ દેશ કીયો વેષ ખુબ ન્યારો —) એ રાગ

કહોજી આધ ધામ કેવો ઠામ છે રુપાળો
ઠામ છે રુપાળો નેત્રોથી નિહાળો—કહોજી.
દીન સેવકમા જાણીને સુજને,
ત્રિવિધી તાપોને ટાળો (૨)—કહોજી
દર્શ કરવા માજીનાં આવો,
મુકી દો જુઠી જંજાળો, (૨)—કહોજી
ભક્ત જનોની વહાર કરીને,
મેક્ષ આપો સુખ વાળો, (૨)—કહોજી

૧૮

(ઓપીયનું લડકા —) એ રાગ.

મમ માત કૃપાળુ હવે હને દુ.ખ કાપજો —મમ માત.
મૂર્તિ તારમાં સારી શોભે, એમ શોભો મમ માત—એમ.
... તાહેરો અરજ કરે છે, ઉર અરધારો માતરે.—મમ માત.
... શક્તિ આરાસુરી તારા, ચર્ણુ કુંજમાં શીર—ચર્ણુ.
નામીનેહું નમન કરૂ, અરજ કરૂં ધરીધીરરે.—મમ માત
... ક્રોધ મદ મોહ માયામાં, રમીયા હરનીશ રંગ.—રમીયા.
... કૃપાળુ માત મ.હરી, જપું સદા શીર સમેરે,—મમ માત.
... પામવા દાસ તાહરો, નરપતઉર ધરે હામ.—નરપત.
...ર સાથે મગીઆ આજે, સિદ્ધ કરો મમ કામરે—મમ માત

૧૯

(વાલા વેગે આવોરે.)—એરાગ

અંબે વારે આવો રે દયા દીલે લાવોરે
આરાસુરી માવડ હોજી ટેક
નહીં આવો તો કોણ લેશે સંભાળ (૨)—અંબે
આરાશુર રળીયામણું; ડુંગર પરછે વાસ,
ગબ્બર ઉપર જાયનો; માનો થાયે ભાસ
દર્શન આપો માવડી કરગરી કહે વ્રુજદાસ,
આ ભકતો જનને; ભાવોરે—દયા દીલે લાવોરે
શુંભ નીશુંભ નીશુંભને મારીયા; મહીશાસુર કર્યો ઠાર
એવા દૈત્યો મારીને ઉતાર્યો ભુભાર

આપો માહારા કષ્ટને શંકર નીકર વાહાર
ચરણોં છું મા તારોરે, દયા દીલે લાવોરે; બારાશુરી માવડલડીઝ

૨૦

(પામ્યો પામ્યો (૨) પદમણી આવીહો—એરાગ
જામ્યો જામ્યો (૨) ઉમગ ઉર જેથી હો,
ભાવે ભજું અંબિકા તેથી
અંબે બાળી દીન દયાળી, ભજતા દુઃખડાં નાંખે ટાળી
ભવજળ તારણુ એથી હો,—ભાવે ભજું.
સત્વર ચ ેા માજી ના પારે, દર્શનથી ભવસાગર તારે,
કરો સેવા [૨] સદા હર્ષે થીહો,—ભાવે ભજું,
આરાસુરમા માત બીરાજે, શાર્દુલ ઉપર સ્વારી છાજે,
લેવા મેવા (૨) ચાલો ખંતેથી હો.—ભાવે ભજું,
દર્શન કરીયે, ભવ ભય હરીયે, શંકર શીર ચરણે ધરીયે,
દેવા એવી (૨) તારે ભવ એથીહો,—ભાવે ભજું,

૨૧

(અંતરમા પ્રીય વસી,—) એ રાગ

ડુંગરમા તુજ વસી, દર્શને આવુ ધસી,
ચીત ચોટયુ મા તારા ચરણે, સેવક જાણી લ્યોને શરણે
દોડી જાઉં હસી,—દર્શને.
અંબે મારી, વીનંતી સ્વીકારી, શંકર સેવક લ્યોને તારી
ઉરમાં તુ વસી,—દર્શને.

૨૨

(મારે મારે તલવાર ઉભો જુવે છે શું --) એ રાગ

પાર, પાર, નિધી તાર માતુ હેતેતો તું,
હતેતો, હેતો, હેતેતો તુ.—પાર પાર
શોભા નીરખવા આવ્યા દુવારે, અરજ ધ્યાનમા ઉતરેતુ.—પાર પાર
શોભા વર્ણુંતુ મુખથી શી ભારી, આશાપુરે બીરાજે માતું.—પાર પાર
સોળ શણગાર ધરીને માજી. વાઘ ઉપર બીરાજે માતું —પાર પાર
શીર ઉપર મુગટ શોભે, હાર હૈયામાં વાલે માતુ —પાર પાર
કર કંકણને શુશોભીત ચુડી, ઝાંઝર ઝણુકારે માતું —પાર પાર
નાશીકાએ મોતીની નથ શોભે કર્ણુ કુંડળે ઝુકારે માતું.—પાર પાર
લેલાટે બીંદુ સારૂજ દીસે, એવી શોભાથી બીરાજે માતું.—પાર પાર
ત્રિશુળનો ઝઝુમર બહુ શોભે, ધમ, ધમ, ઘુઘરી, ધમ કાવેતું.—પાર પાર
ઔરીજ લીલા, વર્ણુંન કરી, સહાય આપો અંબે માયતું.—પાર પાર
બોતેરાનો ધામ બહુ સારો રૂપાળો, સેવકને શુખ આપે માતું,—પાર પાર
માટે સ્વદેશી બંધુ અમારા, વિનંતી સ્વીકારો કહુછું હું.—પાર પાર.
આજના દર્શન કરવાને જાઓ, સેવક શંકર સહાય છુ—પાર પાર

૨૩

(તમે ગીરધર (૨) ગોવીંદ મારારે,—) એ રાગ

તમે અંબે [૨] માજી મારશે, આવજો વારે,
શર્ણું તમારૂ અંબીકાજી, માજી દુ:ખ હરનાર,
શુંભ નંશુંભને માતે માર્યાં, મહીશાશુર કર્યો ઠારે,—તમે.
દયા લાવી દુ:ખજ કાપો, આશાપુરનાર વશ

વિમળ શાહને લીધો ઉગારી;.નમુ એજ માત આવારરે-તમે
વિમળ શાહનું નાવ ડુબ્યું જ્યારે, સુતિ કરી તે ઠાર
સ્તુતિ ધારી; કરી તૈયારીઃ તાર્યું સમુદ્ર મોઝારરે—તમે૦
તેવીજ રીતે અર્જ સ્વીકારી ભવ સાગરથી વાર.
કરગરી શંકર કહે છે, શર્ણે લ્યો આવારરે.—તમે.

૨૮

[તારો અવસર જાય અભાગી)એ રાગ

ચાલો અંબા ગુણ ગાઓ મોજી થઇને આજ રાજીરાજી.
ભક્તિ ભજનથી ભવ નિધિતારે એવી અંબા બાળી.
આરાસુરમા ભાવધરીને એજ મુરતી ન્યાળી—થઇને
ગયો વખત ફરી નાવે હાથે ચેતો મારા ભાઇ.
યમ કીંકરથી બચવા શંકર અંબા ગુણ લે ગાઇ-થઇનેઆજરાજી રાજી.

૨૫

(દાસ પરે દયા લાવોરે—) એ રાગ

દીન જાણીને ઉગારોરે, (૨)
અંબીકાદેવી દીનજાણીને ઉગારો.
વિમળ કેરી અરજ સ્વીકારી, સમુદ્રમાથી લીધો ઉગારી.
ભવસાગરમાંથી તારો તારોરે—અંબિકાદેવી
શર્ણે આવ્યો કરજો સહાય. શંકર પ્રીતે લાગે પાય,
મોજી કર અહો મારા મારોરે—અંબીકાદેવી

૨૬

(આવો કુમ કુમના પગલે—) એરાગ.

અ'બાજી લ્યોને શરણે, ચીત ચોટયું તારા ચરણે.

સુબુદ્ધિ અમે આપો, કુબુદ્ધિ તરતજ કાપો.

આવ્યો મારા કષ્ટજ હરણે——અંબાજી.

મહિશાશુર માર્યો જે હાથે, વળી શુભ નીશુભની સાથે

એવા કામ સુણ્યાં મેં કરણે—અંબાજી

કરગરતો કહું છુ તુજને; ભવસાગર તારો મુજને

શીર શંકર મુકે ચરણે—અંબાજી

૨૭

(પાટણના નૃપ નથી તુજ મોહોલે—)એરાગ

આદ્ય અંબીકા આશાપુરીમા આરાસુરવાળી

મનેજે મનધરી અંબાય, તેના કષ્ટ રોગ સર્વે જાય,

પાપીજન ભક્તિથી પાવન થાય, એવી મા ભોળીતુ છે બાળીઆદ્ય

આવે દેવ લોકો તુજ દરબાર, પ્રમાણ કરી કહે જય જયકાર

સાચી મયા ઉમીના અવતાર, પુત્રને લ્યો સંભાળી—આદ્ય

સર્વેને આપોછો સુખદાતા, વિનતી ઉચાર મુજ માતા

સર્વે સેવક તુજ ગુણ ગાતા પાર ઉતારો કર ઝાલી—આદ્ય

એવી તુજને પરમેશ્વરી પેર, કાપીને કષ્ટ કરો શુખસેર,

કહે શંકર પદમાના મહેર; ભીની સર્વે મારી ટાળી—આદ્ય

૨૮

(પ્રભુજી પ્રાણ પ્યારા, ગીરધર ગોવીંદમારા —)એરાગ

મહિમા શુરાદી મારી; દેવને લીધા ઉગારી—(૨)

તાર, સેવકને આવાર (૨)—ટેક૦

મુરતી તારી; શા કરનારી.—તાર.

૨૯

(વારી વારી શું શોભે છે વીરા—)એરાગ

આરા સુરી છે આશરો તારો, દાસદાદ દીલમાં ધારો

શર્ણાગતને માજી ઉગારો, ભવસાગર ડુબતાં તારો

દુખ માજી માહરૂં વિડારો કરગરી કહે દીન તારો

સાખી.

માતું તાહરા ચરણુમાં સેવક લાગે પાય

સંકટ સમયે માવડી આવી કરજો સહાય.

સુખ દેનારી, દુઃખ હરનારી; ત્રિશુળ ધારી માત—આ૦

સાખી.

વિમળને ઉગારીયો, તાર્યું સમુદ્ર નાવ

ભવસાગરમાં ડુબતાં, શાકરે નો કર સહાવ.

સાચે સાચી જાણી, આરાસુરીગણી, સેવક લ્યો માણી, માત

૩૦

(મને દીઠી બોલાવીને—)એ રાગ.

મને દેજો શરણ લઇને સુખીકીધો સુખીકીધો

વળી સેવક કર સહાયને સુખીકીધો સુખી કીધો

માજી તુજ નામ ઉરેધાર ચરણુમાં ચીત ચોટયું મારૂં

મુરતી જોઇ દુઃખ વિસારૂ—સુખીકીધો
કહું દુખ દુર માતું તમે; ફ્રિકર જોડી શંકર નમે
રહુ છું હું દીન રાત સમે—સુખીકીધો

૩૧

(માહા જુલ્મ જગતમાહે—) એરાગ
પ્રીતે સેવુ શ્રી અંબાએ; મારા પાપ પુરતા જાએ—પ્રીતે
આજી આરાસુર વસનાર; શોભા છે સાર; વાધે અવાર
જોવા સૌ જા............એ—પ્રીતે.
જોઇ આજે માનુ મુખ, વિસાર્યું દુખ, પ્રીતે લીધુ સુખ;
ઉરહરખા ....એ—પ્રીતે
દુઃખ હરણુ એ મુજમાત, દેવીસાક્ષાત, વિશ્વવિખ્યાત
શંકર ગુણગા...........એ—પ્રીતે સેવું શ્રી અંબાએ

૩૨

(ગરબો)

(રંગમા, રંગમા, રંગમારે—એ રાગ)
વૃન્દમાં, વૃન્દમાં, વૃન્દમારે, શોભી રહ્યાં માતુશ્રી વૃન્દમા.
[illegible]ની વૃન્દમાં સાથ બીરાજો, દર્શ થકી હર્ષ ધરૂ દીલમાંરે—શોભી.
[illegible] શક્તિ આસુર નિવાશોની, શીશ નામુ ચર્ણ કુંજમરે—શોભી.
સર્વ શક્તિમાન દેવી શીરમણી, દીપક સમ સર્વ સમુદાયમારે—શોભી.
[illegible] મોટા મહિપની તુજ મંડપ, અવે અની ઉલ્લાસમારે—શોભી

નમે નમ તણા આવે નરનારી અર્જ કરે નીજ નીજ ધ્યાનમારે—શોભી
નિસદીન તુમ શુભ નામ રટનમાં, સ્મરણે અવે છે કષ્ટ કામમારે-શોભી
આશા આયશુરી પુર્ણ કરો છો, દર્શ કાજ આવુ આપ ધામમારે-શોભો
જગવંદન માને દેવી તારી અલૌકીક, પામરશુ પામુ તેક પાગમારે—શોભો
અસર હન્ને પદમ ધરીને, મહીષાસુર માર્યો અગુરમારે—શોભા.
શુમ્ભનીશુમ્ભ ચુંડ મુંડ દાનવનુ, મથન કર્યું માહા ક્રોધમારે—શોભી
નીવરાત્રોની નવ નિશામાં, નરપન કરે છે પુર્ણા નંદમારે—શોભ'
પામર પ્રાણી હુ કાંઇ ન જાણું, શંકર નમે તારા ચર્ણમાંરે—શોભો

—~~—

૩૩

(હોરી—શામરે મનપ્રેરણા ચકારી-) એરાગ

અંબિકાતું વિચારો મનમાહી: વિનંતી કરૂ છું હું આહી-અંબિકા૦
ફરતો ફ્યાળો, મનહર બાળો, ધામ ફરોજગ માહી
સંકટ ટાળો સદા અંબિકા, આસરો ... નાથ
સેવક કરજ્યો સહાઇ—અંબિકા
સાન ભુનુકને શુદ્ધ વિસારી, નીરખો અંબે આઇ
સેન સંધામાં સુજન સુઝે, રહ્યું ગયું બિસરાઇ
આજી શણે આવ્યો ધાઇ—અંબિકા
અન વિચારી વિનતી સ્વીકારો સેવક આપનો ધારી
ભક્તિમાળી આપો મુજને ઉમંગ ઉરમાં લાવી
આ શંકર ઉર ભાવી—અંબિકા

———

૩૪

(સાભળુ આ ગોલો તમારા રાણી—એરાગ)

આનદ આજ અપાર ઉમગ ઉરે (૨)
માની મુરતીનાં દર્શન કરીએ, માત અંબિકાનુ ધ્યાનજ ધરીએ
દેવી ભજનથી ભવ નીધિ તરીયે, કરીએ, ધરીએ, તરીએ,—ઉમંગ આ૦
પ્રેમ ધરીને કરો સેવા, કળીકાળમા મીઠામેવા;
શંકર પ્રેમે આવ્યો લેવા, મેવા, મેવા, લેવા,—ઉમગ—આનદ

૩૫

(બલીહારી રમીયા—) એરાગ૦

બલીહારી, જનની, આરાસુરી વહુ વેણુ રે ચડ શક્તિયર્ધાને અંબિકાતારેજી.
ભક્ત ભીડ સાચી જાણી; અલબેલી આવોજી
સંકટ અમારા સહુ કાપો—વહુવેણુ૦
મહિષા સુરાદી દૈત્યે, દેવને ડુભાવ્યાજી,
દૈત્ય કુળ મારી ભય કાપ્યો—વહુવેણુ
સમુદ્રેથી નાવને તારી, વીમળ બચાવ્યોજી,
પુરો પ્રેમ આણી ભક્ત સ્થાપ્યો—વહુવેણુ
ભવસાગરથી આઇ, મુક્તાને તારોજી
શંકરની અરજી ઉરસ્થાપો—વહુવેણુ

૩૬

મીત્રા પદેશ.

દોહરો.

મન સાથે નિશ્ચય કરી, પછી સુણો અભિપ્રાય,
અગણીત પાપ પ્રલય થસે, દેવીના શરણુ જો જાય
સમરે સંકટ સઘ ટળે, અહો નીશદીન સંભ ગ.
ભક્ત વશીક સહાયે ગયા, રમત કરંતાં બા ગ.
મોરે મન વસી રહ્યા. સદા રહુ અ માય,
તમે રમો આનંદથી, મમ મીત્ર રહયની માય,
ભીરાજે ડુંગર મહો, હેતે જોડે હાથ..
ભવસાગર સંસારથી, તારે સર્વે સાથ

૩૭

(આરતી)

જયજય જય દેવી મા જય અંબા દેવી,
સુનિવર મુનિ વરે સેવી. (૨) આદ્ય શક્તિ એવી—જયજય
આદીત ઉદીત આજ, અની ઉજવળ કીરણે (૨)
આનંદથી ઉઠી (૨) દેવ લીધા શરણે—જયજય
સોએ શક્તિ ધારી, બેઠા છો બાળી (૨)
શણગાર સોળસજીને, [૨] વાઘ ઉપર સ્વારી—જયજય
મ ગળ કારી નામ, મંગળ રૂપ મુરતિ, (૨)
મ ગળ કાર્ય કર્યા સૌ, (૨) ભક્તને ચીન ધરતિ—જયજય

યુદ્ધે બેઠાં આઈ, દૈત્ય કુળ મારી, [૨]
દેવ લીધા ઉગારી, (૨) મહિષાસુર મારી—જયજય
ગુરૂએ ગાજી માત, ત્રિશુળ કરધારી, (૨)
સફળ કર્યાં જન્મારો, (૨) વિમળને તારી—જયજય.
શાંત થઈને શાન્ત, આરાસુર બેઠાં, (૨)
દેવો ભક્ત સમાજે (૨) બાળા રૂપ દીઠાં—જયજય
શાન્તીએ નિશ્ચય કીધો, માત ભક્તિ કરવા, (૨)
શંકર શરણે આવ્યો, (૩) ત્રિવિધી તાપ હરવા.—જયજય
જય અંબા દેવી

આરાસુરનું વર્ણન.

ગરબો.

(એક શહેર વડનગર ગામરે.] એ રાગ.

એક દીઠું આરાસુર ઠામરે. ઘણા કાળ કેરેરે
તેમાં શોભે અંબિકાનો ધામ; અલૌકિક કહેરે ૧
દર્શન કરવા માજીના કાજરે. દેશાન્તરથી આવેરે
તેનું વર્ણન કરું છું આજ, સુણજો નારેરે ૨
સંઘ આવ્યો ખેરડી ગામરે. આરાશુર જાતારે,
ત્યાં કર્યો બધાએ મુકામ. વિસામો ખાતારે ૩
અને ત્યાંથી ચાલ્યા ચાલ્યા જાયરે, આનંદ કરતારે
આવે રાણાજીની ચોકી જ્યાંય દાણ સર્વ ભરનારે ૪
ભુખ્યા માણસને નહિ દર્શનરે, એવી વાત જાણીરે
આવી નદી કર્યું ત્યાં સ્નાન. ખાઇ પીધું પાણીરે ૫
ત્યાંથી આવ્યા માજી દરબારરે, ખુશી ખુશી થાયરે
નાગર બ્રાહ્મણ વીના બીજા લોક. દાણ ભરી જાયરે ૬
કર્યો મુકામ ધર્મશાળા માંયરે સુખીયા થાતારે
ત્યાંથી ઉઠી સર્વે જણ જાય, માન સરોવર નહાતારે ૭
નહાઇ શુદ્ધ કીધો ત્યાં કાયરે: દક્ષણા આપીરે
પછી ચાલ્યા મંડપની માંય મુર્તીમન સ્થાપીરે ૮
અને મુર્તિ નિહાળી જગદીશ્વરે, આનંદ કારીરે,
છુટા મુક્યા છે માથે કેશ, વાઘે અસવારીરે ૯
બીજી બાજુ ધર્યો છે ખંજર, ચોળી બુટાદારરે

મુખે આપ્યો તંબોળનો રંગ; શોભાસારરે, ૧૦
મુખે રેખા શોભે છે ચારરે, સોનાની સારરે,
સોના ચુડી કર મોઝાર; શોભે સારીરે. ૧૧
બાજુ બંધ બેરખા માયરે, ધર્યા છે હાથેરે,
કંઠે મોતીનો હાર સોહાય, મોહન માળા સાથેરે ૧૨
કર્ણ ફુલ શોભે કાનમાયરે, લટકતાં રહીનેરે,
ઉભા જુવે સેવક જન ત્યાંય, જય જય કહીનેરે ૧૩
પગે ઝાંઝરનો ઝમકારરે, ઘુઘરી ઘમકેરે,
પગે આંગળીએ વિછવાસાર; છમ, છમ, છમકેરે ૧૪
મોતીવાળી પહેરી નાકમાયરે શોભે સારારે,
ધર્યો પાનાનો મુગટ માય, જુવે સર્વ ધારારે ૧૫
કરી કુમ કુમ ભાલ અરચાયરે, શોભે સારારે,
વચ્ચે હીરો શોભી રહ્યો એક, તેજ તેનું ભારીરે ૧૬
કરે ત્રિશુળ ધર્યું અંબે માયરે, વાધે અસવારીરે,
બીજા વાઘ મંડપમાં અનેક, જાઉ વારી વારીરે ૧૭
મંડપ મધ્યે જમણી પાસરે, ચમત્કાર કેવોરે,
નિત્ય નજર કરી જોવાય, પ્રકાશ દીવા જેવોરે ૧૮
ઘર ઘરીઆળો અપારરે ગણુત્રાન થાયરે
જ્યાં ત્રિશુળ ત્યાં વણુચાર, જોવા સૌ જાયરે ૧૯
જોઇ ત્રિશુળ વાંકુ એકરે, વિચાર કરતારે
શા કારણુ વળી ગયું એક, સંશય ધરતારે, ૨૦
તે સંશય ભાગુ આજરે, સુણજો કરજોરે,
એવા અનેક માજીનાં કાજ, જાણો પ્રીતે સરજોરે. ૨૧

એક વણીક વિમળશાહ નામરે, વેહુપાર કરીનેરે
ઘેર આવે માલ લેઇ તમામ, વાહાણ બગીનેરે ૨૨
થવા લાગ્યું દરીએ તોફાનરે. વાહાણ ઝોલાં ખાયરે,
કર્યો પાણીએ અંદર પ્રવેશ, વાહાણ ડુબી જાયરે. ૨૩
તેણે કરી વિનંતી તે ઠારરે, ધાજો અંબે માયરે,
ધરી ત્રિશુળ વાધે અશ્વાર, સહાયે જાયરે.. ૨૪
ત્રિશુળેથી ઉપાડ્યું વાહાણરે, કાઢ્યુ જળ બાહારરે,
ત્યારે વિમળને થયુ જાણ, માયે કરી વાહરરે, ૨૫
તેણે સ્તુતિ કરી તે ઠારરે, ધન્ય મેરી માયરે,
અહો નિશ લેજો સભાળ, કરજો સહાયરે ૨૬
અસ્તુ કહી આવ્યા મુકામરે, થઇને અતર ધ્યાનરે,
કર્યું ભક્તનુ એવુ કામ, ત્રિશુળે નિશાનરે, ૨૭
સુણી અદભુત એવુ કામરે, ધન્ય ધન્ય કરતારે,
જુએ આજુ બાજુમા મકાન, ચારે કોર ફરતારે ૨૮
કર્યો ગબ્બરે જાવા વિચારરે, ત્યાંથી સૌ ચાલવારે,
દાણુ આપી લીધી ટીકીટ, બબ્બે પૈસા આલવારે. ૨૯
પશ્ચિમ દિશાએ ગબ્બર ધામરે, ચાલ્યા તે વાટેરે,
આવ્યા ગબ્બર તળેટી માય. ચડવા માટેરે ૩૦
છે ગબ્બરનો સીધો ચડાવરે, હીમતન ચાલીરે,
ચડયા ધીમે ધીમે સૌ લોક; કરથી ઝાલીરે. ૩૧
વચ્ચે પગથીઆ છે સારેરે, સુગમ પડ્યુ રે,
નહીં લાગ્યું ચડતા દુઃખ, બાળપણુ ચડીયુરે. ૩૨
જોયો ઓક્ષ પીંપળો ત્યાં એકરે. ફેરા ફરાયારે,

ઘરણુ લાગી ફરતા બોક, જાણે હેઠા પડીયારે, ૩૩
પણ કોઇને ન આવી આચરે, માનો પ્રતાપરે,
માના રથમા ત્યાંછે નિશાન, પટકાની છાપરે ૩૪
એક શિખર જોયુ અમે ત્યાંયરે, ચમત્કારી વાતરે,
બોલે હોંચાજો સાક્ષાત, હાંચે અંબે માતરે ૩૫
માંડવ કોઇથી નહી ઉતરાયરે, સિંહાસણ એવુરે,
છે માજીનો જુનો મુકામ, જોવા જેવુરે ૩૬
એવા ચાલે છે દંત કથાયરે, કહુ તે આજરે.
ગાય માજીની ચરવા જાય, સુણો સમાજરે ૩૭
ગોવાળ કરે વિચારરે, કોની ગાય આવેરે,
કરૂ તપાસ તેનો આ વાર ચરામણી ન આવેરે ૩૮
એક દીવસ થયો તેયારે ગાય વાંસે જાયરે,
ગાય ગઇ પહાડ ગોઝાર, ચમત્કાર ત્યાં થાયરે ૩૯
માજી હોંચોળે હીંચકા ખાયરે, સખી ઉભી પાસેરે,
ગોવાળ ઉભો જઇ ત્યાંય, ચરાઇની આશેરે ૪૦
બાર વરસથી ચારૂ ગાયરે, અગઇ નવ પામ્યુરે,
માટે મહેર કરો તમે કાંઇ, દુખડાં વામુંરે, ૪૧
કહ્યુ માતે સખીને ત્યાયરે, જવલાવી આપરે,
એક સુપડુ ભરી આપ્યું ત્યાંયા, ટાળ્યો સંતાપરે ૪૨
ગોવાળ થયો નિરાશરે, આમાં શુ આપ્યુરે,
મનેહતી દ્રવ્યની આશ, દુઃખ નવ કાપ્યુંરે ૪૩
એવા કરી મન વિચારરે, પહાડ બહાર આવ્યોરે
કર્યો જવનો ઢગલો બાર,[1] ઘરપથ સધાવ્યોરે. ૪૪

---

૧ બાગણુ

ઘેર આવી નારને કહી વાતરૈં. દુઃખ મન આણ્યુંરે,
નવ ભાગ્યું દુઃખ સાક્ષાત, હતી કોઇ રાણીરે. ૪૫
નાર જુવે પછેડી માંયરે, આશ્ચર્ય ત્યાં પામીરે,
રતા સોનાના વળગ્યા ત્યાય, જુઓ મારા સ્વામીરે ૪૬
ગોવાળ ઘણો પસ્તાઇરે ફરીથી ત્યા ગયોરે,
નવ જડયો મુકામ આઇ, ખેદ બહુ થયોરે ૪૭

નવ દેખાણી ફરીથી ગાયરૈં, ટોળા ભેગી ચરવારે,
એવા સાક્ષાત દેવી ત્યાય, લાગો સમરવારે ૪૮
બીજું કૌતક જોયું ત્યાયરે, નવાઇ જેવુંરે,
ઉગ્યા ઝવેરા પથ્થર માય, છે જોવા જેવુરે. ૪૯
કૃષ્ણ અવતારની એ વાતરે, અદ્યાપ છે એવારે,
ત્યા જઇ નીહાળો તતકાળ છે જોવા જેવારે ૫૦

શ્રી કૃષ્ણ નંદ કુમારરે, હતા જ્યારે બાળરે;
ત્રિવીક્રમ ઉતાર્યા તે ઠાર, નાજુક વાળરે ૫૧
જોઇ ત્યાથી ઉતાર્યા તમામરે, આવ્યા મુકામેરે,
એવે પુજાનો થયો વખત, કહે ઠામ ઠામેરે ૫૨

નાગર બ્રાહ્મણ ઉઠયા તમામરે, ફરીથી નાહ્યારે,
એક કરમા પુજાપાનો થાળ, બીજે લોટા સાહ્યારે, ૫૩
આવી ઉભા મંડપની માંયરે, શોભા સારીરે,
ચોવન રૂપે નિહાળ્યાં માય, આનંદ કારીરે, ૫૪
મુખનેજ મારે અપારરે, રવી જાય હારીરે,
એવી શોભામાં દીઠાંમાય, જાઉં બલીહારીરે, ૫૫
ઉભા મંડપમાં હાર બંધાઇરે, બન્ને જાણ જાયરે

અબીલ ગુલાલ પુષ્પથી ત્યાંય, પાવડી પુજાયરે ૫૬
પુજા કરી નીકળતાં બાહારરે, ઉભા રખવાળરે,
સર્વે માણસને તપાસેસાર, નાનામોટા બાળરે ૫૭
એનું કારણ કહું છું આજરે, સાંભળો પ્રીતેરે,
ચોર્યા રૂપીયા જાણ્યુ સમાજ, કેવી રીતેરે ૫૮

એક વૃદ્ધ આવ્યો પુજા માટરે, ગયો મંડપ માંયરે
દીઠા રૂપીઆ માને પાટ, લોભી બન્યો ત્યાંયરે ૫૯

જોયું આડું અવળું ચોદીશરે રૂપીયા લીધારે,
જાણ્યું પોવે પચાવી શકીશ, કંકુબેમાં કીધારે ૬૦

લેઇ આવે છે જોવો બાહારરે, કશું નવ સુઝેરે;
થઇ ઉભો આંધળો વે હાશ થરથર ધ્રુજેરે ૬૧
નવ જડે નીકળવા [1]બારરે, આંખે નવ દેખેરે,
કેવો નીકળ્યો તેમાથી સાર, સોજન પેખેરે. ૬૨

એવે આવ્યો પુજારી ત્યાંયરે, પુછ્યુ સ્થીતિ જોઇરે,
કેમ ઉભા વચ્ચો વચ આંય, ત્યારે ગયો રોઇરે. ૬૩
મેં કર્યું છે કુડું કામરે, કહેતાં જાઉં લાજીરે,
પછી કૃત્ય કહ્યુ તમામ, ભુલ્યો મારી માજીરે. ૬૪

આપી રૂપીઆ કહે કરજોડરે, માફ કરો માતરે,
માજી અખાણા દુઃખથી છોડ, દેવી સાક્ષાતરે. ૬૫
કરે કાલા વાલા સૌ લોકરે, મહેર કરો માજીરે,
દયા લાવી ડુબાવ્યો શોક, આંખ કરી સાજીરે. ૬૬

---

૧ બારણું.

એવુ ચમત્કારી છે ઠામરે, કહેતા નાવે પારરે,
સર્વે ત્યાથી આવ્યા મુકામ, પુજા કરી સારરે ૬૭
ધરીને વેઘ આરોગ્યા અન્નરે, બેસી પંગતેરે,
લેઇ વિશ્રામ સર્વેજન, ધરી ઉમંગેરે. ૬૮
એમ કરતા થયો સાય કાળરે, આરતી વેળા થયરે,
સ્ત્રી પુરૂષ નાનાં બાળ, દર્શને જાયરે. ૬૯

સર્વે ઉભા મંડપની માંયરે, જય જય કહીનેરે,
ઉભા આતુરતાથી ત્યાંય, મુર્તિ મન લઇનેરે. ૭૦
એવે માજીના ઉઘડયાં દ્વારરે, આનંદ પામ્યારે;
વદ્ધ સ્વરૂપે દર્શન સાર. દુ,ખ સૌ વામ્યારે. ૭૧
દિવસમાં બદલે ત્રણ રૂપરે, કળ્યુ નવ જાયરે,
પ્રાતરકાળે બાળા રૂપ, દર્શન થાયરે. ૭૨
જઇ જુએ મધ્યાને કોઇરે, યોવન રૂપ દીસેરે;
સાય કાળે માઇને જોઇ, વૃધ રૂપ ભાસેરે. ૭૩
વાગે ઘંટ ઘડીઆળો ત્યાંયરે, ઘોર બહુ ગાજેરે,
ભકત મંડળ મંડપ માંય, થેઇ થેઇ નાચેરે. ૭૪
લેઇ આરતી ચાચર માંયરે, રમે આનંદેરે,
થાય રાત્રે ભવાઇ ત્યાંય. રાજી બાળનંદરે. ૭૫

બીજે દીવસે થયા તૈયારરે, કોટેશ્વર જાવારે,
પ્રથમ ગયા સરસ્વતિ માંય, સર્વે નહાવારે ૭૬
નહાઇ આવ્યા મહાદેવ માંયરે, પુજા કીધીરે,
ગાય મુખેથી આવે ઝરણુ વાત મન લીધીરે ૭૭
ત્યાંથી નદી વહેતી ચાલી જાયરે, સરસ્વતિ નામરે

ત્યાંથી સર્વે જોવાને જાય, *કુભારીયાનાં ધામરે, ૭૮
જઈ જોયાં તો દહેરા પાંચરે, બીજુ વેરાનરે,
દંત કથા ચાલે છે સાચ, ધરજોમનરે, ૭૯
એક વણીક વિમળશાહ નામરે, થયો દ્રવ્ય વાનરે
શ્રી અંબાએ આપ્યો દામ, વધાર્યું માનરે ૮૦
તેણે પારસનાથના ત્યાયરે, બાંધ્યા દેહેરારે,
ત્રણ સોને સાઇઠ ગણાય, સફેદ આરસ કેરારે ૮૧
એકસમે પુછ્યું અંબે માતરે ઓ વિમળ રાયરે,
આ દેહેરાં બાંધ્યાં સાક્ષાત, કોની સહાયરે, ૮૨
તારે વિમળે કીધુ ત્યાયરે, ગુરૂ પ્રતાપેયે,
ત્રણવાર પુછ્યું છે માય, જવાબ એજ આપેરે ૮૩
થયા ક્રોધાય માન માતરે, શુણી એવી વાણીરે
પછી ચેતાવ્યો ત્યાં સાક્ષાત, એમુઢ પ્રાણીરે ૮૪
અહ્યા જેમ નવાય તેમ નાસરે, છોડી મુકામરે
રખે રાખતો જીવવાથી આશ, બાળુ સર્વ ઠામરે ૮૫
એક દેહેરાનું ભોયરૂ કહેવાયરે તેની વાટેરે
આવ્યો દેલવાડાના દેહેરામાય, મનમા ઉચાટેરે ૮૬
ભોયરાની સળગે જાયરે, વિચાર મનકરતોરે,
આબુ પહાડ ઉપર દેખાય ત્યા રહ્યો ફરતો ૮૭
પછી માજીએ ક્રોધે ભરાઇરે, દેહેરા [1]બાળ્યાંરે,

---

* આ દેહેરાં સંબંધીની હકીકત કરણઘેલામાંથી લેવામાં આવી છે
[1] હલ આ જગોએ બળેલા પથરા વિગેરેનાં નીશાન મોજુદ છે,

બાળ્યાં તમામ પાંચ સવાઈ, નિશાની મોટે ટાળ્યાંરે ૮૮
વિમળ શાહ પુરો પરતામરે, મેં, આયટીત કીધુરે,
ઘણા કાલાવાલા કર્યા ત્યાંય; માયે સ્વપ્ન દીધુંરે ૮૯
છે પહાડ પાપ ગ્રહીતરે, એવુ જાણીરે,
યોગનાથનું દેહેરૂં શોભીત, બાંધકડી વાણીરે ૯૦
એક હજાર બત્રીસની સાલરે, ઇસ્વીશન ફેરીરે,
બાંધ્યુ આદિદેવનું દેવાલ. અર્બુદ શીખરીરે. ૯૧
જોઇ પાછા વળયા તમામરે, આવ્યા મુકામેરે,
કર્યું ભોજન બેસી ઠામ, પછી કર્યો આરામેરે. ૯૨
દર રવી પુનમે થાયરે, હવન શુભ રીતેરે;
શ્રી ફળ ચુંદડી હોમાય, શ્રવણ કરો ચીતેરે ૯૩
આસો સુદી આઠમ કહેવાયરે, હવન મોટો થાયરે;
ત્યાં પાડાને ભોગ અપાય, ચમત્કારી માયરે. ૯૪
થાય પાડાનો વધ જ્યાંયરે, નવાઇ જેવુંરે;
નવ લોહી વહે ઘડી ત્યાંય, ચમત્કારી એવુંરે ૯૫
તેલ બીલકુલ નહી વપરાયરે, એવુ છે ઠામરે,
ઘીનો સદાય ઉપયોગ થાય, સૌ કોઇ ઠામરે ૯૬
સ્ત્રી પુરૂષ રાખે સબંધરે, ભાઇ બેન જેવોરે.
જો કદી દુરાચાર થાય મૃત્યુ તુલ્ય તેવોરે· ૯૭
એકી રાત તહાં રહેવાયરે, બેકી નવ રહેરે,
એવો રિવાજ ત્યાંનો કહેવાય, લોક વાત કહેરે ૯૮
પુરી યાત્રા કરી કહેવાયરે, પુજારી પાસ આવીરે,
ખભે કંકુનો હાથો દેવરાય, દક્ષણા આપીરે. ૯૯

બીજી ચમત્કારી એક વાતરે, કહું છુ આજરે,
જેને સહાય કરી સાક્ષાત, સુણો સમાજરે. ૧૦૦
ગુજરાતનો મોટો રાજનરે, વાઘેલો કરણરે.
માધવ તેનો પ્રધાન, તેની નાર કરી હરણરે. ૧૦૧
માધવ ગયો ગભરાઇરે હવે કેમ કરવુંરે
રૂદ્રમાળ સીદ્ધપુરની માંહી લેવું, કોનુ શરણુરે ૧૦૨
રાત્રે સ્વપ્ન આપ્યુ આગે આઠરે, એ નાગર જનરે,
જશીવેર વાળવુ સમજાઇ, આવી કરે દરસનરે. ૧૦૩
માધવ આવ્યો આરાસુર માયરે, દરશન કીધુરે,
દેખ્યો ચમત્કાર એવો ત્યાંય, મનમા લીધુ રે ૧૦૪
મ્લેચ્છ વેશે થયાં દર્શનરે, ખડગ એક હાથેરે,
બીજા હાથે પકડયો એક જન, ચોટલી સાથેરે. ૧૦૫
જરા નજર કરતો જોયરે, ચમત્કાર ત્યાં થયોરે,
રહી ચોટલી મા હાથમાંય, માણસ નાશી ગયોરે ૧૦૬
એવુ દેખાડી સમજાવ્યો ત્યાયરે જા દીલ્હી તખ્ત શરણરે.
રાજપાટ મુકીજશે ક્યાંઇ, નાસી જશે કરણરે ૧૦૭
પછી વાળયું છે એણેવેરરે સારી રીતેરે
કર્યું વેશામા છે સારી પેર વાચો એક ચીતેરે ૧૦૮
ઓગણીસ અડસઠની સાલરે અસાડ માસરે,
પક્ષ શુકલ પ્રાતરકાળ પાંચમે પુરી આશરે ૧૦૯
વાર શુક્ર થયો શુભરીતરે, આનંદ ઉરઆણીરે
મણીશંકર રાખી ચીત ઉચારી વાણીરે, ૧૧૦

સ્તુતિ.

(કલ્યાણ) (હે જગત પતી)—એ રાગ.

હે જગતેશ્વરી, તું સત્ય છે ખરી, કામ તારાં જોઇને મમના મુંઝુ ખરી
આદ્ય શક્તિ અંબિકા તારી, સકળ સેવે છે ધામ.
તમારી વાણી સત્ય છે અને, સત્ય તમારૂં નામ. હે જગતેશ્વરી,
તમારી લીલા અકળીત દીસે; ભક્તોના કર્યા કામ
એવી મ માયા મહેરકરીયે આપો સુખ આ ઠામ હે જગતેશ્વરી,
તુ જગમાતા, વિશ્વ વિખ્યાતા, દાતા છે પણ તુ
શાતા દાતા આપો મુજને, નમન કરૂ છું હું હે જગતેશ્વરી
મદરૂપ કાન્તા એવાં દીસો છો, આપે છો કૃપાળ,
હમેશ તમ દાસની સદા, રાખોને સંભાળ હે જગતેશ્વરી,
અંતર યામી તું છે દયાળુ; સદા કરોને સહાય,
સેવક તારો નમન કરે છે, શીશ મુકીને પાય હે જગતેશ્વરી.
તમારા નામનો મહીમા મોટો, સદા કરો રક્ષાય,
દાસ તમારો અરજ કરે છે, આશા પુરોને માય હે જગતેશ્વરી.
ભક્તોના તમે સંકટ કાપ્યા; ત્રિવેણી આગળ ચાર
બીજા દૈત્યો સર્વે માર્યા મહીષાસુર કર્યો ઠાર હે જગતેશ્વરી,
ભુલ ચુકની માફી આપી, સહાય કરોને આજ
સેવકનો ગાણુમજમાની સિદ્ધ કરો સૌ કાજ હે જગતેશ્વરી,
પ્રાણશંકર સુત કહાવે, મણીશંકર તુજ દાસ
રહુ છુ પાટણ શહેર, મધ્યે ઉટવાડામાં વાસ હે જગતેશ્વરી,

શાન્તિ ! શાન્તિ ! સમાપ્ત. શાન્તિ ! શાન્તિ !



માતાજીના ભટજી નર્મદાશંકર તરફથી મળેલ

श्लोक.

विदेवि कल्प रहीते विमळे विपुळे,
विणां विनोदीनी विलासीनी विश्व माता
विंघाद्री वासीनी विलोक अयमाम् विनितं;
कारूंय पुन्य करणं करूस्य:
माता भवानी, जनको भवानी,
बंधु भवानी, भगनी भवानी,
गोत्रं भवानी, सकुळं भवानी,
विना भवानी, नहीं कींचीत अस्ते.

શ્રી અંબીકા સ્તુતિ અને આરાસુરનું વર્ણન નામની બુકના પ્રથમ ગ્રાહક થઈ આશ્રય આપનાર સદ્‌ગ્રહસ્થ સાહેબોનાં મુબારક નામ.

પ્રત નામ

પ્રસિદ્ધ કરનાર.

૬૧ આજમ રતનશી મુળચંદભાઈ પટેલ

થરા.

૧૦ વા શ્રી. ગોહડસંગજી ગજમગજી તાલુકદાર થરા

૨ ,, ગંભીરસીંગજી ભગવાનસંગજી તા થરા

૧ ,, અભેરાજજી પ્રથીરાજજી તા થરા.

૪ , જુવાનસંગજી માનસંગજી તા. થરા

૯ , ભુપતસંગજી મરહુમના ઘરવાળા બાઇ શ્રી ગેન
કુંવરબા તા થરા.

૫ ,, પ્રથીરાજજી મરહુમના ઘરવાળાં જાડેજી બાઇ શ્રી
બાજુબા. તા થરા

૨ જાડેજા શ્રી માનસંગજી ભવસંગજી સજનપર ધુનવાડાવાળા

૧ ઠાકોર ભગવાનસંગજી ગુલાબસંગજી.

૧ ,, સરદારસંગજી ગુલાબસંગજી.

૧ પરતાપસંગજી ગુલાબસંગજી

૪ રા. રા. મે. વિઠ્ઠલભાઈ છગનભાઈ જ્યુ કામદાર સા

૪ ,, ચતુરલાલ પ્રભુરામ. વા શ્રી જસુભાઈ જાગીર તરફથી

મજમુરે કામદાર સા

૧ ,, અમરતલાલ પ્રભુરામ મે. ઓ અવલ કારકુન

૪ ,, ગીરજાશંકર લક્ષ્મીશંકર સ્ટેટ જમાદાર થરા

૧ રા. રા. પરશોતમ. નથુભાઈ જ્યુ કો અવલ કારકુન

૧ ,, વજેચંદ ભુદરચંદ શા જ્યુ કો. કારકુન

૧ ,, ધરમચંદ કેશવજી શા મજમુ ઓ કારકુન

૧ ,, શીવલાલ ત્રીભોવનદાસ પો પટેલ,

૧ ,, સપ્રીત. માણેકચંદ વકીલ

૧ ,, છોટાલાલ સવાઈચંદ.

૧ રા. રા. ભીખા પરસોતમદાસ શાહ.

૧ ,, મણીલાલ સવાઈચંદ શાહ

૧ ,, છોટાલાલ નાહાલચંદ.

૧ ઇજારદાર ગણેશપ્રસાદ નાગરેચ

૧ ઠાકોર ઉકા હરજી.

૧ ભાયાત વાઘજી જસુભાઈ

૧ કારાભાઈ દેવજી શાહ

સાંકરો. તા. થરા.

૪ રા. રા. અમરા રામજી પટેલ

૧ ,, મોયાચંદ માનચંદ. મોદી.

૧ ,, લહેર લાલચંદ શાહ.
૧ ,, મગનલાલ અમરચંદ.
૧ ,, કાળુ પેથા. શાહ
૧ ,, વ્યા. પીતાંબર હરીરામ
૧ ,, શોની ટોકર ઝવેર.
૧ ,, બ્રા. મોહનલાલ અનુરામ
૧ ,, સવા દલગ. પટેલ
૧ ,, ચુનીલાલ આલમ શાહ
૧ ,, નવભગાન નાથા. મોદી

હસરોડ તા. થ૰દ

૪ રા. રા. લખધીર મનજી. પટેલ.
૧ ,, અજમલ દલા પટેલ.
૧ ,, સોની મોહન રમનાથ.

ડીઓદર.

૧ ,, મોહનલાલ ઇચ્છારામ. બ્રા. રકુલ માસ્તર.

સમી.

૪ રા રા નદલાલ જમનાદાસ તંદુરશીલદાર

મોટા જામપુર તા. થરા

૪ રા રા હરજી જેઠા પટેલ
૪ ,, હરજી રણછોડ પટેલ
૧ , મે ભવાનીશંકર રાજાશંકર. પો પટેલ
૧ રા રા. થામજી વિરચંદ
૧ , સોની. નેમચંદ સુરચંદ

૧ ,, ઠક્કર દલછા સાંકળચંદ
૧ ,, શાહ મોહનલાલ ઓત્તમ
૧ ,, નથુ નાગર પટેલ.

ટોટાણા. તા. થરા.

ગા ના નરપતલાલ હરજીરામ પો પટેલ
૧ ,, ચુનીલાલ રાજારામ ત્રીવેદી સ્કુલ માસ્તર.
૧ ,, મણીશંકર વાહાલજી ઠાકર
૧ ,, ઠક્કર ટોકર મુલજી
૧ ,, સોની ઉજમલાલ શામજી

પાટણ.

૧ ગા ગા મ્ર પુજારાન. ગંગારામના સુ ઓ કારકુ ।
૧ ગા રા. ગોવધનલાલ માધવલાલ પાટણ ડી સર ફે
કચેરી કારકુન
૧ ,, શીવશંકર મુળશંકર મહેતા. પો. કારકુન વીસનગર
૧ , રતીલાલ ઇશ્વરલાલ વહોરા પાટણ જાદા ફે કચેરીમા
૧ , ગણપતરામ નરસોલાલ. એન્જીનીયર ઓ
૧ ,, દાસીરાય નંદરાય. મહેતા
૧ ,, મગનલાલ બરકતરામ આચાર્ય.
૧ , અંબાલાલ ગોપાલજી
૧ ,, નંજીવનદાસ દેવસંગ. બારોટ.
૧ ગમસંગ ગજાજી
૧ ,, અચરતલાલ છોટાલાલ.
૧ ગીમનલાલ વધુકરામ. પારધી.

ધીણોજ.

૨ ., ભવસાર લધાજી જીવરામ

૧ „ ચુનીલાલ દુર્લભરામ

અમદાવાદ

૧ રા રા કાન્તીલાલ ચપકલાલ મહેતા

ટાઉનપીસ્ટ.

રારસપુર મીલ

૧ „ મોહનલાલ મનસુખરામ શાહ

૧ „ રણછોડલાલ મોતીરામ

ટાઉનમઝીપર.

૧ , પરસોતમ કેશવલાલ ભટ

૧ ત્રીકમલાલ વનમાળીદાસ

૧ „ કૃષ્નાશંકર કાશીદાસ

૧ „ જગનાથ કાસીરામ ભટ

૧ , સોમનાથ છગીલાલ ભટ

૧ „ પરશોતમ કતેચંદ શાહ

૧ , બાપાલાલ ધોળીદાસ સાહ

૧ „ શીવલાલ ગોપાળદાસ

૧ „ મગનલાલ બેચરદાસ પટેલ

૧ રા, રા. રણછોડલાલ મોતીરામ ઇ ના ફોજદાર

૧ „ મહીલાલ મનોરલાલ પાગધી ફડ ઓતીમ

૧ „ પ્રેમશંકર નરોતમદાસ પો જમાદાર

૧ „ યશવંતરાવ કેશવરાવ જોશી
૧ „ છગનલાલ દયાળજી બારોટ પો. કારકુન આંતરસુંબા
૧ „ લાલજી જેઠારામ ભટ પો. જમાદાર મેહાણા
૧ „ મણીલાલ મોહનલાલ સેઠ. પો. જમાદાર
૧ „ નારાયણરાવ દોલતરાવ મોરે. પો. હવાલદાર પીજ
૧ „ ગણપતરામ મોહનલાલ પો. હવાલદાર
૧ „ જગનાથ છગનલાલદાસ પો. હવાલદાર
૧ માણેકલાલ રણછોડદાસ બારોટ નડીયાદ તલાટી
૧ „ ગુલાબરાવ પીલાજીરાવ પાટણ તગાવી ઓફીસ
૧ „ મણીલાલ મુગટરામ પો. કારકુન સીધપુર
૧ „ મોહનલાલ મોતીલાલ પો. જમાદાર ચાણસ્મા
૧ „ મોહનલાલ ચુનીલાલ પો. કારકુન ચાણસ્મા
૧ „ ઉદારામ સાંકળચંદ પો. કારકુન ખેરાળુ
૧ „ ભીખાલાલ એકલદાસ પો. કારકુન આંતરસુંબા

સુરત.

૧ ગ. વા. વ્રજલાલ મનોરલાલ પારેખ પો. હેડકોન્સ્ટેબલ

રાજપુર તા. થરા.

૫ „ મોહનલાલ અચળદાસ. શાહ

જાહેર ખબર.

આ બુક જેને મંગાવવાની હોય તેણે નીચેના સરનામેથી રોકડી કીંમતે અગર વિ. પિ. થી મંગાવી લેવી નોટપેટ કાગલ સંઘરવામાં આવશે નહી.

પાટણ-ઊટવાડો
હાલ
થરા જીલ્લે-ઝાકરેજ.

કર્તા.
મણીશંકર માણુશંકર
મહેતા.

